# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી

રાજેન્દ્રભુવન રોડ, વેરાવળ, જિ.ગીર–સોમનાથ. ફોનનં.૦૨૮૭૬–૨૪૪૫૨૮

---

## –:: બાહ્ય વિદ્યાર્થીઓના સ્વાધ્યાયકાર્ય સંબધિત અગત્યની સૂચનાઓ::–

**તમામ પ્રશ્નપત્રોના સ્વાધ્યાયકાર્યો પરીક્ષા કેન્દ્ર ઉપર પ્રથમ પેપરના દિવસે પરીક્ષા સમયથી એક(૦૧) કલાક વહેલા પહોંચી પ્રધાનાચાર્યશ્રીને જમા કરાવવા ફરજીયાત રહેશે. જો સ્વાધ્યાયકાર્યો જમા કરાવવામાં આવશે નહી તો પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહી તથા અધુરા/અપૂર્ણ વિગતોવાળા સ્વાધ્યાયકાર્યોનું મુલ્યાંકન કરવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.**

- અસાઈમેન્ટ(સ્વાધ્યાયકાર્ય) યુનિવર્સિટીએ મોકલતા પહેલા નીચેની તમામ સૂચનાઓ વાંચીને તેનું પાલન કરવું આવશ્યક છે.

૧) શાસ્ત્રી સેમેસ્ટર–૧ કક્ષાના વિદ્યાર્થીએ પેપર નંબર–૧ થી ૭ દરેક વિષયદીઠ એક(૦૧), ૩૦ ગુણનું એમ કુલ–૦૭ સ્વાધ્યાયકાર્ય તથા આચાર્ય કક્ષાના વિદ્યાર્થીએ પેપર નંબર–૧ થી ૫ દરેક વિષયદીઠ એક(૦૧), ૩૦ ગુણનું એમ કુલ– ૦૫ સ્વાધ્યાયકાર્ય લખવાના રહેશે.

૨) દરેક સ્વાધ્યાયકાર્ય વિષય વસ્તુને અનુરૂપ(૩૦ ગુણ) લઘુત્તમ ૨૦ પૃષ્ઠનું અને એક પૃષ્ઠમાં લઘુત્તમ ૨૦૦ શબ્દોમાં લેખિતમાં મોકલવા ફરજીયાત છે. આચાર્ય–૧ કક્ષામાં નિબંધ વિષયવસ્તુને અનુરૂપ ઓછામાં ઓછા(૭૦ ગુણ) લઘુત્તમ ૪૦ પૃષ્ઠ, એક પૃષ્ઠમાં લઘુત્તમ ૨૦૦ શબ્દોમાં હોવો જોઈએ.

૩) **સ્વાધ્યાયકાર્યો લખવા માટેનું માધ્યમ ::** શાસ્ત્રી કક્ષા સેમેસ્ટર–૦૧માં ઉત્તરની ભાષા ગુજરાતી, સંસ્કૃત અથવા હિન્દીમાંથી કોઈપણ એક રહેશે. તથા તે સીવાયની તમામ કક્ષા (શાસ્ત્રી સેમે.૦૨ થી ૦૬ અને આચાર્ય સેમે.૦૧ થી ૦૪ કક્ષામાં)ઓમાં પ્રશ્નપત્ર તથા ઉત્તરની ભાષા સંસ્કૃત રહેશે. જયારે ગુજરાતી,હિન્દી, અંગ્રેજી, કમ્પ્યુટર જેવા વિષયોમાં ઉત્તરની ભાષા વિષય સંબધિત ભાષા રહેશે. જયારે સમાજશાસ્ત્ર/અર્થશાસ્ત્રના વિષયોનું માધ્યમ ગુજરાતી અથવા હિન્દી રહેશે.

૪) **દરેક સ્વાધ્યાયકાર્ય પેપરનંબર તથા વિષય પ્રમાણે અલગ–અલગ બનાવવું તથા તમામ સ્વાધ્યાયકાર્યોને એક ફાઈલમાં સુવ્યવસ્થિત રાખી જમા કરાવવાના રહેશે. જુદી–જુદી ફાઈલ બનાવવી નહી. ચોપડા કે બુકમાં સ્વાધ્યાયકાર્યો લખવા નહી. એ–૪ સાઈઝના પેઝ / પ્રોજેકટ પેપરમાં લખવાના રહેશે.**

૫) **સ્વાધ્યાયકાર્યોની ફાઈલમાંશરૂઆતમાં જમા કરાવેલ સ્વાધ્યાયકાર્યોનું વિગત પત્રક સામેલ રાખવું ફરજીયાત છે તથા આ પત્રકમાં સ્વાધ્યાયકાર્યો જમા લેનાર અધ્યાપકનું નામ અને સહી ફરજીયાત કરાવવાની છે.**

૬) **દરેક સ્વાધ્યાયકાર્ય ઉપર સ્વાધ્યાકાર્ય વિગતપત્રક (મુખપૃષ્ઠ) તથા જે–તે વિષયનું લખેલ પ્રશ્નપત્ર સામેલ રાખવું ફરજીયાત છે. સ્વાધ્યાકાર્ય વિગતપત્રક (મુખપૃષ્ઠ)ની વિગત અધુરી ભરેલ હશે અથવા તો દરેક સ્વાધ્યાયકાર્ય ઉપર સ્વાધ્યાકાર્ય વિગતપત્રક (મુખપૃષ્ઠ) રાખેલ નહી હોય અથવા તો પ્રશ્નપત્ર સામેલ રાખેલ નહી હોય તે સ્વાધ્યાયકાર્ય આપો–આપ રદ થઈ જશે જેની તમામ જવાબદારી વિદ્યાર્થીની પોતાની રહેશે.**

૭) સ્વાધ્યાયકાર્ય સ્પષ્ટ અને સુવાચ્ય અક્ષરોમાં વિદ્યાર્થીએ સ્વ–લેખિત લખવાના રહેશે. જો સ્વાધ્યાયકાર્યના અક્ષરોમાં ભિન્નતા જોવા મળશે ત્યારે તે સ્વાધ્યાયકાર્યનું મુલ્યાંકન કરવામાં આવશે નહી તેમજ સાથે જોડેલ પ્રશ્નપત્રથી ભિન્ન સ્વાધ્યાયકાર્ય હશે તો તેનું મુલ્યાંકન કરવામાં આવશે નહી.

૮) જો સ્વાધ્યાયકાર્યો બાબતની કોઈપણ પ્રકારની રજુઆત પરીણામ ઘોષિત થયા બાદ દિન–૩૦ની અંદર કરવાની રહેશે ત્યારબાદ મળેલ રજુઆત યુનિવર્સિટી દ્વારા ધ્યાને લેવામાં આવશે નહી.

૯) **સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થશે તો તેવા વિદ્યાર્થીઓએ સ્વાધ્યાયકાર્ય પુનઃ જમા કરાવતી વખતે દરેક સ્વાધ્યાયકાર્ય દીઠ રૂા.૧૦૦/– ફી ભરવાની રહેશે.**

૧૦) પરીક્ષાનું ટાઈમ ટેબલ યુનિવર્સિટીની વેબસાઈટ www.sssu.ac.in પર રાખવામાં આવેલ છે. આ બાબતે વધુ વિગત માટે વેબસાઈટ સંમયાતરે જોવાની રહેશે.

**વિશેષ નોંધ ::** સ્વાધ્યાયકાર્ય સંબંધિત ઉપરોકત તમામ સુચનાઓનું પાલન કરવાનું રહેશે. જો તેમ કરવામાં આવેલ નહી હોઈ તો આપના સ્વાધ્યાયકાર્ય યુનિવર્સિટી દ્વારા રદ કરવામાં આવશે તથા તેની આપને કોઈપણ પ્રકારની જાણ કરવામાં આવશે નહી તેમજ તે સ્વાધ્યાયકાર્ય પરત કરવામાં આવશે નહી.

પરીક્ષા નિયામક
Controller of Examination
Shree Somnath Sanskrit University
Veraval, Gujarat